Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર... | 'મનોનંદન'... | ... ૨૭ |
| ૨ અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ શ્રી તીર્થંકર ચરિત્ર. ... | | ... ૩૩ |
| ૩ અમારી પૂર્વદેશની યાત્રા. ... | મુનિ ન્યાયવિજયજી... | ... ૩૫ |
| ૪ જૈન-આચાર ... ... ... | શુદ્ધ આચાર ઇચ્છક ... | ... ૩૮ |
| ૫ પરિસ્થિતિ સમજો. ... | ...નાગરદાસ મ૦ દોશી બી. એ. | ... ૪૦ |
| ૬ માનુષિક જીવન ... ... ... | વીરકુમાર. ... ... | ... ૪૩ |
| ૭ ક્ષમાપના ... | ચત્રભૂજ જેચંદ શાહ, બી. એ. એલ-એલ. બી. | ... ૪૭ |
| ૮ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... | | ... ૪૯ |
| ૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... | | ... ૫૦ |



તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## સામાયિક ચૈત્યવંદન સૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુકમાં આપવામાં આવેલ છે.

સામાયિક સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં કેટલીક વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં પરંતુ શ્રીમતી જૈન કોન્ફરન્સ એજ્યુકેશન બોર્ડના ધાર્મિક અભ્યાસક્રમમાં દાખલ કરેલ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ વગેરે પણ આ બુકના પાછળના ભાગમાં પૂરવણી તરીકે આપવામાં આવેલ છે, કે જેથી આ બુક પ્રમાણે સામાયિકસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુક તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ અઢી આના તથા ટપાલખર્ચ એક આનો રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઈને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु। कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४५९. भाद्रपद. आत्म सं. ३९. { अंक २ जो.

મહાત્મા શ્રી સિદ્ધર્ષિ ગણી પ્રણિત—

## શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સપદ્યગદ્ય અનુવાદ.

( વર્ષ ૩૦ ના અંક ૧૨ પૃષ્ટ ૨૭૩ થી શરૂ. )

ભાષાંતરકર્તા—' મનોનંદન '

### હેય આદિ વિવેકથી માનવદેહની સાર્થકતા.

અનુષ્ટુપ્.

હેય આદિ વિવેક—

અત્ર ભવ્યે કરી પ્રાપ્ત, દુર્લભ નરભાવને;
ને શુભ કર્મથી પામી, જાતિ કુલાદિ લાભને. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ ઉચિત છે 'હેય[૬]', 'કર્ત્તવ્ય' કાર્ય યોગ્ય છે;
શ્રવણ યોગ્ય 'શ્રોતવ્ય', શ્લાઘાઉચિત 'શ્લાઘ્ય' છે. ૧૨
(યુગ્મ)

હેય આદિની વ્યાખ્યા–

દોહરા.

ચિત્ત મલિન જે કંઇ કરે, વારે મુક્ત જેય;
મન-વચ કાયા કર્મ તે, સ્વહિતૈષિ[૭]ને હેય. ૧૩

કુંદ[૮] ઇંદુ આદિ સમું, કરે વિશદ[૯] જે ચિત્ત;
મનીષિ[૧૦]ને કર્ત્તવ્ય છે, એવું કર્મ પવિત્ર. ૧૪

ત્રિજગનાથ તસ ધર્મને, તેમાં જે સંસ્થિત;
વિશુદ્ધ અન્તર આત્મથી, શ્લાઘ્ય તેહુ છે નિત. ૧૫

શ્રદ્ધા સંશુદ્ધ બુદ્ધિથી, હરવા દોષ સમસ્ત;
શ્રોતવ્ય વાણી ભાવથી, સર્વજ્ઞોક્ત પ્રશસ્ત. ૧૬

તેજ અત્ર પ્રસ્તુત છે, તેજ જગતમાં હિત;
ચિંતી એમ શ્રોતવ્ય તે, શ્રી સર્વજ્ઞકથિત. ૧૭

કહીશું તેને અનુસરી, મોહાદિક હરનાર;
કથા એહ દર્શાવતી, ભવકેરો વિસ્તાર. ૧૮

## શ્રી જિનેશ્વર વાણી શું શું પ્રકાશે છે !*

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

દોષો પંચ મહાન [૧]આશ્રવ તણા ને પંચ[૨] ઇંદ્રિય ને,
સાથે મોહ મહા પિતામહ તથા ચારે [૩]કષાયો અને;

૬. હેય-તજવા યોગ્ય. કર્ત્તવ્ય-કરવા યોગ્ય. શ્રોતવ્ય-સાંભળવા યોગ્ય. શ્લાઘ્ય-પ્રશંસા કરવા યોગ્ય, વખાણવા યોગ્ય. આ હેય આદિની વ્યાખ્યા અત્રે સંક્ષેપમાં બહુ સુંદર રીતે કરી છે.

૭. આત્માનું હિત ઈચ્છનારે. ૮. મોગરાના ફુલ, ચંદ્ર, ગાયનું દુધ, બરફ આદિ.

૯. સ્વચ્છ, નિર્મળ, ઉજ્જ્વલ. ૧૦. વિચારવાન જીવે, ડાહ્યાપુરૂષે.

* (૧) મહામોહ આદિ દુષ્ટ અંતરંગ સૈન્યના દોષ, (૨) દર્શન-જ્ઞાનાદિ પ્રશસ્ત અંતરંગ સૈન્યના ગુણ, અને (૩) અનંત ભવપ્રપંચનું સ્વરૂપ-આ ત્રણ વસ્તુઓ શ્રી જિનેશ્વરની વાણી પ્રકાશે છે. "આવી જિનવાણી રૂપ મહાન ભીંતનું અવલંબન લઈ મ્હારા જેવો પણ જે કહે, તે શ્રી જિનેંદ્રનો જ સિદ્ધાન્ત ઝરે છે" એમ કહી કવિએ યુક્તિપૂર્વક આડકતરી રીતે કહી દીધું કે જેમ જિનવાણી શ્રોતવ્ય છે તેમ આ કથા પણ શ્રોતવ્ય વિભાગમાં આવી જાય છે.

૧. કર્મને આવવાના દ્વાર તે આશ્રવ. પાંચ પ્રકાર—(૧) પ્રાણાતિપાત (હિંસા), (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ દ્વેષ મિથ્યાત્વ આદિ [૪]દલ જે છે અંતરંગી ખરે,
દર્શાવે તસ દોષ સર્વ વચનો સર્વજ્ઞ ભાષિત રે. ૧૯–૨૦

તથા—

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર અને સંતોષ આદિ મચી,
સત્યાદ તપ સંયમાદિક બહુ કોટિ ભટોથી ભરી;
સેના આંતર જેહ,–ગૌરવ મહા તેના સુગુણોતણું,
નિવેદેજ પદે પદે વચન તો નિશ્ચે જ જિનેંદ્રનું. ૨૧–૨૨

તથા—

એકેન્દ્રિય પ્રમુખ ભેદ થકી જે છે દુઃખરૂપી પદે,
તે નિરંત[૫] ભવપ્રપંચ સઘળો જિનેંદ્રવાણી વદે;
આવી ભીંતતણો જ આશ્રય કરી જે હું સમો યે કહે,
તે સિદ્ધાંત જિનેંદ્રનો ઝરી રહે,–એ ભાવજો લોક હે ! ૨૩–૨૪

## ચાર પ્રકારની કથાઃ સ્વરૂપ અને ફળ.

અનુષ્ટુપ્.

અર્થ ને કામ ને ધર્મ, તથા સંકી[૧]ર્ણરૂપતા;
આશ્રીને લોકમાં વર્તે, ચતુર્વિધ અહીં કથા. ૨૫

ઉપજાતિ.

સામાદિ[૨] કૃષ્યાદિ[૩] પ્રરૂપનારી;
જે [૪]ધાતુવાદાદિ પ્રકાશનારી,
પરં [૫]ઉપાદાન જ અર્થ જ્યાંય,
તે તો કથા અર્થતણી કથાય. ૨૬

સંકિલષ્ટ રે! માનસ હેતુભાવે,
સંબંધ તે પાપતણો કરાવે;

મૃષાવાદ, અસત્ય ભાષણ, (૩) અદત્તાદાન–સ્તેય–ચોરી, (૪) મૈથુન, (૫) પરિગ્રહ.

૨. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયો.

૩. કષ=સંસાર, આય=લાભ. જેનાથી સંસારની પ્રાપ્તિ થાય તે કષાય. ચાર પ્રકાર–ક્રોધ, માન, માયા, લોભ. ૪. સૈન્ય,લશ્કર. ૫. અનંત.

૧ મિશ્ર. જેમાં ધર્મ–અર્થ–કામ હોય એવી. ૨. સામ–દામ–દંડ–ભેદ આદિ રાજનીતિ. (*Political Science*) ૩. ખેતીવાડી (*Agriculture*) ઇ. ૪. ખનીજશાસ્ત્ર (*Mineralojy*) ૫. મુખ્ય કથન.

For Private And Personal Use Only

તે કારણે દુર્ગતિ ધોરી પંથ,
પમાડવા તત્પર તે હરંત. ૨૭

વચાદિ દાક્ષિણ્ય બતાવનારી,
જે પ્રેમચેષ્ટાદિથી જન્મનારી;
જેમાં ઉપાદાન જણાય કામ,
તે વર્ણવી 'કામકથા' તમામ. ૨૮

કુવાસના કામી મહિં સ્વભાવે,
[6]ઉત્કર્ષ તે રાગતણો કરાવે;
વર્તે [7]વિપર્યાસ કરાવનારી,
તે દુર્ગતિહેતુક વર્ત્તનારી. ૨૯

દયા ક્ષમા આદિ અનેક ભંગે,
છે જે પ્રતિષ્ઠિત સુધર્મ અંગે;
જ્યાં ધર્મ આદેયપણું ભજે છે,
તેને બુધો 'ધર્મકથા' કથે છે. ૩૦

ને શુદ્ધ રે ! ચિત્ત નિમિત્તભાવે,
તે પુણ્ય ને નિર્જરણા[8] કરાવે;
સ્વર્ગો અને મોક્ષતણું મહાન,
તે કારણે કારણ તેહ જાણ. ૩૧

[9]ત્રિવર્ગના સાધનના ઉપાય,
પ્રરૂપવા તત્પર જેહ થાય;
અનેક સારા રસથી ભરેલી,
તે અત્ર 'સંકીર્ણકથા' ભણેલી. ૩૨

[10]ના ના અભિપ્રાય નિમિત્તભાવે,
નાના પ્રકારે ફલ તે અપાવે,
[11]વિદગ્ધતાનાય વળી વિધાને,
તે વર્ત્તતી હેતુસ્વરૂપ જાણે! ૩૩

## ચાર પ્રકારના શ્રોતાઃ પ્રત્યેકનું લક્ષણ.

અનુષ્ટુપ્.

શ્રોતા પણ અહીં તેના, ચાર પ્રકારના નરો;
ભાખું લક્ષણ સંક્ષેપે, તે શ્રવણ તમે કરો ! ૩૪

૬. વૃદ્ધિ. ૭. વિપરીત મતિ. ૮. કર્મની નિર્જરા. કર્મનું આત્મપ્રદેશથી છુટું પડવું તે નિર્જરા.
૯. ધર્મ અર્થ ને કામ એ [ત્રિ]વર્ગ કહેવાય છે. ૧૦. વિવિધ, જુદી-જુદી જાતના ૧૧ વિદ્વત્તા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રોટક.

મદ—માયકરા ભય-શોકધરા,
ત્યમ મોહધરા વળી ક્રોધકરા;
જન જે અહિં અર્થકથા ચહતા,
પુરુષાધમ તામસી તે ઠરતા. ૩૫

જસ માનસ રાગથી ગ્રસ્ત નકી,
વળી વિકલ[1] જેહ વિવેકથકી;
નર કેવલ કામકથા જ ઇચ્છે,
નર તેહ 'વિમધ્યમ રાજસી' છે. ૩૬

થઇ મુક્તિ પ્રતિ અતિ એકમના[2],
સુવિશુદ્ધ સુધર્મકથા જ તણા;
અભિલાષ ધરે મન જેહ જનો,
'પુરુષોત્તમ સાત્વિક' તેહ ગણો. ૩૭

[3]દ્વય લોક અપેક્ષક જે વરતે
કંઈ સત્વગુણે યુત જે વરતે;
અભિવાંચ્છત જે નર મિશ્રકથા;
'વરમધ્યમ'[4] તે નર જાણ તથા. ૩૮

વળી વારક ધર્મસુબોધકનો,
ધૂતકાર કરી સ્વયમેવ ઘણો;
જન રાજસો તામસી તો અતિશે,
રિઝતા અરથે ત્યમ કામ વિષે. ૩૯

## અર્થ-કામકથા હેયઃ સંકીર્ણ ધર્મકથા ઉપાદેય.

શાર્દૂલવિક્રીડિત.

રાગ દ્વેષ મહાન મોહરૂપ જે ત્રિ અગ્નિ તેના જ્વલે,
તે કામાર્થ કથારૂપી ઘૃતતણી આહુતિથી પ્રજ્વલે;
જ્યાં કેકારવ[5] કેકિનો મદન[6]ની વૃદ્ધિ કરે જેમ રે !
આ કામાર્થ કથાય તેમ [7]દુરિતે ઉત્સાહ વૃદ્ધિ કરે. ૪૦-૪૧

---

૧. રહિત. ૨. એકાગ્ર મનવાળા, એકતાન. ૩. આલોક-પરલોક બન્નેની અપેક્ષા રાખનારા. ૪. વધારે સારા મધ્યમ. ૫. મોરનો ટહૂકો. ૬. કામ. ૭. પાપ.

For Private And Personal Use Only

તેથી કામકથા કથા અરથની નાંહિ કરીએ કદિ,
નાંખે ક્ષાર [૮]ક્ષતે વિચરણ અહો! પુરૂષ કયો સુમતિ?
તે છે કાર્ય પરોપકાર[૯] શીલ ને પંડિત પુરૂષને,
જેથી ઉભય લોકમાં હિત બધા પ્રાણીગણોનું બને. ૪૨-૪૩

તેથી યદ્યપિ કામ-અર્થની કથા છે *ઇષ્ટ આ લોકને,
વિદ્વાન્ તોય તજે જ,--અંત મહિં તે[૧૦]દારૂણ તે કારણે;
તે આ જાણીને—
સુધા[૧૧] સદૃશ સર્વ સત્ત્વગણને જે બેય લોકે ઠરે,
એવી ધર્મકથા જ શુદ્ધ અતિશે ધન્યો હિતાર્થે કરે. ૪૪-૪૫

ને માર્ગે [૧૨]અવતાર કારણ થકી આકર્ષનારી ગણી,
સંકીર્ણ પણ સતકથા આભમતા કો સૂરિઓએ ભણી,
જે પ્રાણી જ્યમ બોધપાત્ર કરવો છે શકય અત્રે ખરે!
તેને તેમજ બોધવો ઉચિત છે સૌ હિતકારી નરે. ૪૬-૪૭

ને આદિ મહિં મુગ્ધબુદ્ધિ જનને ના ધર્મ ભાસે મને,
આકર્ષાય કામ-અર્થ કથને તતચિત્ત તે કારણે;
તે આકર્ષિતને પછી ધરમ તો વિક્ષેપદ્વારે અહીં,
વર્ત્તે શકય ગ્રહાવવો,-સતકથા સંકીર્ણ તેથી કહી. ૪૮-૪૯

—અનુષ્ટુપ્—

રચાશે તેથી નિશ્ચે આ, શુદ્ધ જ ધર્મની કથા;
કવચિત્ ગુણ અપેક્ષાએ, ભજે સંકીર્ણ રૂપતા. ૫૦

( અપૂર્ણ )

---

૮. ઘા-જખમ, કયો વિચક્ષણ પુરૂષ જખમ પર મીઠું નાખે ? ૯. પરોપકારી સ્વભાવવાળા. ૧૦. ભયંકર. ૧૧. અમૃત. ૧૨. માર્ગેઉતારવા માટે, સન્માર્ગે લાવવા માટે.

× શ્રી સિદ્ધર્ષિના આ વચન કેટલા સત્ય છે તેની વર્તમાનકાળ સવિશેષ સાક્ષી પૂરે છે. જગતનો પ્રવાહ અર્થ-કામ પ્રત્યે જ ઢળી રહ્યો છે, એમાંજ રાચી રહ્યો છે. કવિ કહેછે કે "આ. અર્થ અને કામકથા સર્વથા તજવા યોગ્ય છે. વિચારવાન જીવે તો શુદ્ધ ધર્મકથા જ કરવા યોગ્ય છે. કોઇ અપેક્ષાએ સંકીર્ણ કથા પણ ઉપાદેય છે."

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગિયાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

## શ્રી ઉપાસકદશાંગસૂત્ર.

( વર્ષ ૩૦ ના અંક ૧૦ પૃષ્ઠ ૨૨૫ થી શરૂ. )

અ અ૦ ૧-૧૦

શ્રમણ ભગવાન્ મહાવીરના દશ શ્રાવકો-૧ આનન્દ, ૨ કામદેવ, ૩ ગાથાપતિચુલણીપિતા, ૪ સુરાદેવ, ૫ લઘુશતક, ૬ ગાથાપતિકુંડ કોલિક, ૭ સદ્દાલપુત્ર, ૮ મહાશતક, ૯ નન્દીનીપિતા તથા ૧૦ શાલહીપિતાનો અધિકાર[1]

અ૦ ૬ સૂત્ર ૧૮૦ થી ૨૩૦ આજીવકમતસંવાદ.

ત્યારે તે **કુંડકોલિક** શ્રમણોપાસક અન્યદા ક્યારેક મધ્યકાળના વખતે જ્યાં અશોકવાટિકા છે જ્યાં પૃથ્વીશિલાપટ્ટ છે ત્યાં આવે છે. ત્યાં આવીને પોતાની નામમુદ્રા (વીંટી) તથા ઉત્તરીય (ખેસ)ને પૃથ્વીશિલપટ્ટપર મૂકે છે. મૂકીને શ્રમણ ભગવાન્ મહાવીરની ધર્મ પ્રરૂપણાને સ્વીકારીને બેસે છે.

ત્યારે તે કુંડકોલિક શ્રમણોપાસકની સામે એક **દેવ** પ્રકટ થયો. ત્યારબાદ તે દેવ નામમુદ્રા તથા ખેસને પૃથ્વીશિલાપટ્ટથી ઉઠાવી લ્યે છે. ઉઠાવીને ઘુઘરીચાલ વસ્રવાળો અને આકાશમાં રહ્યો થકો ( દેવ ) કુંડકોલિક શ્રાવકને આ પ્રમાણે કહે છે.

હે કુંડકોલિક શ્રમણોપાસક ! ખરેખર " ઉત્થાન કર્મ, બલ, વીર્ય તથા પુરૂષાત્કાર-પરાક્રમ નથી. અર્થાત્ દરેક ભાવો નિયત છે " આ પ્રકારનો દેવાનુપ્રિય મંખલીપુત્ર **ગોશાળાનો** સિદ્ધાંત સારો છે કિન્તુ " ઉત્થાન છે યાવત્...... પરાક્રમ છે. એટલે સર્વ ભાવો અનિયત છે " આ પ્રકારનો શ્રમણ ભગવાન્ **મહાવીરનો** ધર્મ-સિદ્ધાંત સારો નથી.

---

૧ ઉપાસકદશાંગમાંના સાહિત્યદૃષ્ટિએ ઉપયોગી સૂત્રો ૩૩ થી ૪૨, ૨૪૦ ખાદ્ય, ૫૮ સાધુ ઉપકરણો, ૫૮ અન્યતીર્થિક ચૈત્યાદિ, ૭૦ યથાસૂત્ર-સમ્યક્ત્વ, ૯૪ શરીરાવયવો, ૧૪૮-૨૫૫ રાગ, ૧૮૪ પાત્ર-ઘડા, ૧૯૭ કુંભકારકળા, ૧૬૭ થી ૧૭૦, ૧૯૯ થી ૨૦૦ આજીવકમતવિચારણા, ૨૧૯ પશુ પક્ષી તથા પશુઅંગો, ૨૩૮ શોક સગવણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી કુંડકોલિક શ્રમણોપાસકે તે દેવને કહ્યું કે–હે દેવ યદિ "ઉત્થાન નથી, યાવત....સર્વ ભાવો નિયત છે" આવો મંખલિપુત્ર **ગોશાળનો** સિદ્ધાંત શ્રેષ્ઠ છે અને "ઉત્થાન છે યાવત...સર્વ ભાવો અનિયત છે" આવો શ્રમણ ભગવાન્ **મહાવીરનો** સિદ્ધાંત ખરાબ છે તો હે દેવ ! તેં આ રીતિની દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ તથા દિવ્ય દેવાનુભાવ શાથી મેળવ્યા ? શાથી પ્રાપ્ત કર્યાં ? શાથી પોતાના કર્યાં ? શું ઉત્થાનથી યાવત્...પુરૂષકાર–પ્રયત્નથી કે અનુત્થાનથી યાવત....અપુરૂષાત્કાર–પરાક્રમથી !

ત્યારે તે દેવે કુંડકોલિક શ્રાવકને આ પ્રમાણે ઉત્તર આપ્યો–હે દેવાનુપ્રિય ! ખરેખર મેં આ પ્રકારના દિવ્ય દેવર્દ્ધિ દિવ્ય દેવકાંતિ તથા દિવ્ય દેવાનુભાવ અકર્મ યાવત્....અપુરૂષાત્કાર—પરાક્રમથી મેળવ્યા છે–પોતાના કર્યા છે.

ત્યારબાદ કુંડકોલિક શ્રાવકે તે દેવને જણાવ્યું કે-હે દેવ ! તેં આવી જાતના દેવઋદ્ધિ વિગેરે અનુત્થાનથી યાવત....અપુરૂષાત્કાર–પરાક્રમથી પ્રાપ્ત કર્યાં છે તો જે જીવોને ઉત્થાન વિગેરે નથી તેઓ દેવ કેમ નથી ? (જે જીવો ઉત્થાન આદિથી રહિત છે તેઓ પણ દેવ જ બનવા જોઇએ; જ્યારે તે જીવો દેવ કેમ બન્યા નથી ? )

અથવા હે દેવ ! તેં આ જાતના દિવ્ય દેવર્દ્ધિ વિગેરે ઉત્થાનવડે યાવત્... પરાક્રમવડે પ્રાપ્ત કર્યાં છે તો તું જે કહે છે કે-"ઉત્થાન નથી યાવત્....સર્વ ભાવો નિયત છે આ મંખલીપુત્ર ગોશાળનો ધર્મસિદ્ધાંત શ્રેષ્ઠ છે, અને ઉત્થાન છે, યાવત....સર્વ ભાવો અનિયત છે આવો શ્રમણ ભગવાન્ મહાવીરનો ધર્મસિદ્ધાંત ખરાબ છે." તે તારૂં મિથ્યા છે.

ત્યારે તે દેવ શ્રમણોપાસક કુંડકોલિકના કથનથી સંશય યાવત્...કલુષભાવને પામ્યો થકો ( યદિ ઉત્થાનાદિ વિના દેવપદ મળે તો બીજા ઉત્થાનાદિ રહિત જીવોને પણ દેવપદ કેમ નથી મળતું ? અને ઉત્થાનાદિથી દેવપદ મળે તો શ્રમણ ભગવાન્ મહાવીરનો સિદ્ધાંત જૂઠો કેમ મનાય ? આવી શંકા પડવાથી વહેમમાં પડેલો કુંડકોલિક શ્રમણોપાસકને કંઈ પણ ઉત્તર આપી શકયો નહીં. નામમુદ્રા તથા ખેસ પૃથ્વીશિલાપટ્ટપર મૂકયા અને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો.

તે કાળે અને તે સમયે સ્વામી ( શ્રમણ ભગવાન્ મહાવીર ) સમોસર્યા, ત્યારે કુંડકોલિક શ્રમણોપાસક આ આગમન કથા સાંભળીને હર્ષિત થયો થકો કામદેવની પેઠે નીકળે છે. યાવત....સ્વામીને સેવે છે તથા ધર્મકથા થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

લેખક:—મુનિ ન્યાયવિજયજી

( પુ. ૩૦ ના અંક ૧૨ પૃષ્ઠ ૨૭૬ થી શરૂ )

**કાકંદી.**

આવતાં પહેલાં રસ્તામાં કયુલ જંકશન આવે છે. સામે કાંઠે જ લખીસરાઇ સ્ટેશન છે. ગૃહસ્થો તો નવાદાથી રેલ્વે રસ્તે સીધા લખીસરાઇ ઉતરી વાહન દ્વારા કાકંદીની યાત્રા કરી ક્ષત્રિયકુંડ જાય છે. ભાગલપુરથી પણ રેલ્વે લાઇન સીધી અહીં આવે છે. કલકત્તાથી આવનાર આ રસ્તે આવે છે. ( લખીસરાઇથી મોટર સિદ્ધિ સિકંદરા જાય છે, યદિ તેની સાથે પહેલેથી કરાર કરવામાં આવે તો કાકંદીનાં દર્શન કરાવી ક્ષત્રિયકુંડ યાત્રીઓને મૂકી જાય છે. ક્ષત્રિયકુંડ અને કાકંદી બંને મોટર સડકથી દૂર છે. ક્ષત્રિયકુંડ જતાં તો

---

કુંડકોલિક ! એ સંકેતથી આમંત્રી શ્રમણ ભગવાન મહાવીર કુંડકોલિક શ્રમણોપાસકને કહે છે કે–કુંડકોલિયા ! સાચેસાચ કાલે મધ્યાન્હ વખતે એક દેવ તારી સન્મુખ પ્રકટ થયો. ત્યારબાદ તે દેવે નામમુદ્રા વિગેરે વિગેરે યાવત્.... ચાલી ગયો. કુંડકોલિક ! ખરેખર આ વાત સાચી છે ?

હા સાચી છે.

હે કુંડકોલિક ! તું ધન્ય છે. કામદેવની પેઠે.

હે આર્યો ! શ્રમણ ભગવાન્ મહાવીર શ્રમણનિર્ગ્રંથ તથા નિર્ગ્રન્થિણીને આ રીતે આમંત્રીને બોલ્યા કે—

હે આર્યો ! યદિ તે પ્રકારના ગૃહસ્થો ઘરમાં રહેલાઓ અર્થ, હેતુ, પ્રશ્ન કારણ તથા ઉત્તરવડે અન્યદર્શનિકોને નિરૂત્તર બનાવે છે તેથી કરીને હે આર્યો ! દ્વાદશાંગી ગણીપીટકના ધારક શ્રમણનિર્ગ્રંથો અન્યદર્શનીઓને અર્થવડે યાવત્.... નિરૂત્તર કરે એ શકય છે.

ત્યારે શ્રમણનિર્ગ્રંથો તથા નિર્ગ્રંથીણીઓ શ્રમણ ભગવાન મહાવીરના તથા-પ્રકારના અર્થને વિનયથી સાંભળે છે.

ત્યારબાદ તે કુંડકોલિક શ્રાવક શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદે છે–નમે છે. નમીને પ્રશ્ન પૂછે છે, પુછીને અર્થ મેળવે છે, અર્થ મેળવીને જે તરફથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો જાય છે અને ભગવાન ત્યાંથી અન્યદેશમાં વિહાર કરે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એથી ત્રણ માઇલ દૂર મોટર રસ્તો છોડી કાચે રસ્તે મોટર લઇ જવી પડે છે. કાં તો યાત્રીઓએ સ્વતંત્ર વાહનની સગવડ કરવી અને નહિં તો સિકંદરા જતી મોટરવાળા સાથે પાકો કરાર કરાવ્યા પછી જ આગળ વધવું, નહિં તો યાત્રિઓ હેરાન થાય છે; પાછળથી મોટરવાળા સાથે ઝગડા થાય છે અને પૈસાનું પાણી થાય છે. અહીં ચેતીને ચાલવા જેવું છે. ) કયુલથી ગીરડી પણ લાઇન જાય છે જ્યાંથી શિખરજી જવાય છે. લખીસરાઈ એક વૈષ્ણવ ભક્તજનને ત્યાં અમે રહ્યા. ત્યાંથી ૧૩ થી ૧૪ માઇલ દૂર કાકંદી છે ત્યાં બીજે દિવસે ગયા. અહીં **સુવિધિનાથ** પ્રભુનાં ચ્યાર કલ્યાણક ( ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન ) થયાં હોય તેમ કહેવાય છે. આને ધન્નાની નગરી પણ કહે છે. ( ધન્નાશાલિભદ્ર નહિં, બીજા ) આ સ્થાનનો વિશેષ ઇતિહાસ મળતો નથી. ગામ બહાર ટીલા ઘણા છે. પ્રાચીન નગર જણાય છે. ખોદકામ થાય અને નવીન ઇતિહાસ સામગ્રી મળે તો ઘણો પ્રકાશ પડે તેમ છે.

અહીં એક સુન્દર મંદિર અને સુન્દર ધર્મશાળા છે. ધર્મશાળાના કમ્પાઉન્ડમાં જ મંદિર છે. સ્થાન સારૂં છે. મંદિરમાં પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક છે; અને સુવિધિનાથ પ્રભુની પાદુકા છે. હજી મૂળ ગભારામાં પ્રતિષ્ટા થઇ નથી એટલે બહારના રંગમંડપમાં પ્રભુજી બિરાજમાન છે. મંદિર અને ધર્મશાળાની વ્યવસ્થા શ્વેતાંબર કોઠી તરફથી થાય છે. એક અજૈન–રામાનુજાનુયાયી વ્યવસ્થા કરે છે. અજૈનને જૈન તીર્થ કે જૈન યાત્રિઓની કેટલી લાગણી કે પ્રેમ હોય ? એ કયાં કોઇથી અજાણ્યું છે ? આ તીર્થ પ્રાચીન છે કે સ્થાપના તીર્થ છે તે કાંઇ સમજાતું નથી. કેટલાક મહાનુભાવો આને સ્થાપના તીર્થ માને છે અને મૂળ કાકંદી અન્યત્ર બતાવે છે. પ્રાચીન તીર્થમાળામાં પણ આ તીર્થ માટે જૂદા જૂદા મતભેદો છે.

( ક્ષત્રિયકુંડની યાત્રા કરીને આવ્યા પછીનું વર્ણન કવિ આ પ્રમાણે આપે છે. )

" સુવિધિ જનમ ભૂમિ વાંદી યઇ કાકંદી કોસ સાત હો;
કોસ છવીશ વિહારથી પૂર્વદિશિ હોય યાત્ર હો.

( વિજયસાગરવિરચીત સમ્મેતશિખર તીર્થમાળા. )

( બિહારથી પૂર્વમાં છવીસ કોશ દૂર જે લખ્યું છે તે તો બરાબર છે. બન્ને તીર્થની યાત્રા કરતાં છવીસ કોશય છે. પાવાપુરીથી ૩૪ થી ૩૬ માઇલ ક્ષત્રિય કુંડ ત્યાંથી બિહાર સાત માઇલ, અને ક્ષત્રિયકુંડથી કાકંદી ૧૦ થી ૧૨ માઇલ છે. આમ લગભગ ૨૬ કોસ તો બરાબર થઈ રહે છે. એટલે આ સ્થાન બરાબર લાગે છે.

× × × ×

પંચ કોસ કાકંદ નયર શ્રી સુવિધહ જનમ;
તે વંદી જઇ ભાવિ સિઉં એ આગલિ ચંપ વષાણુ.

( કવિ હંસસોમ )

( આ કવિશ્રીના કથન પ્રમાણે ક્ષત્રિયકુંડથી પાંચ કોશ કાકંદિ છે. ટુંક રસ્તે કદાચ તેમ હોઇ શકે અને તેમના કથન પ્રમાણે આજ સુવિધિપ્રભુની જન્મ ભૂમિ છે. )

" તિહાંથી ચિંહુ કોસે ભલી ચિ૦ કાકંદી કહેવાય, જી
ધન્નો અણગાર એ નગરનો ચિ૦ આજ કાકંદી કહેવાય; જી ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાકંદી એ જાણજો ચિ૦ વસતો ધન્નો એથ,
સુવિધિ જીણેસર અવતર્યા ચિ૦ તે કાકંદી અનેથ. જી ૨૦
( સૌભાગ્યવિ. પૃ. ૯૩ )

પ્રથમ બંને મુનિ કવિરાજો વર્તમાન કાકંદી નગરીને જ સુવિધિનાથ પ્રભૂની જ જન્મભૂમિ કહે છે; જ્યારે ત્રીજા કવિરાજ આ નગરીને ધન્નાની કાકંદી કહે છે અને સુવિધિનાથ પ્રભૂની જન્મભૂમિ બીજી હોવાનું જણાવે છે. બીજા મત પ્રમાણે તો " ગંગાની ઉત્તરે કટિહારથી પશ્ચિમમાં કાનપુર સુધી જતી B. A. N. W. બંગાળ એન્ડ નોર્થ વેસ્ટર્ન રેલ્વે છે, જ્યાં ભાગલપુર, પટણા, કેમોકામાથી ગંગા પાર થઇને જવાય છે. પટણાથી હાજીપુર છપરા થઇ પશ્ચિમમાં ૧૦૨ માઇલ ભટની જં૦ છે ત્યાંથી ૪ માઇલ નોનખાર સ્ટે. છે. નોનખારથી ગોરખપુર માઇલ ૪૩ થઇ અયોધ્યા કાનપુર જવાય છે. નોનખાર સ્ટે. થી ૧।। માઇલિ દૂર ખુખંદા ગામ છે જે પ્રાચીન કાકંદી–સુવિધિ જન્મભૂમિસ્થાન હશે–છે. આવાં પ્રાચીન સ્થાનો પાછળ શોધખોળ કરી સત્ય વિગત બહાર મૂકવાની જરૂર છે.

કાકંદિની યાત્રા કરી અમે ક્ષત્રિયકુંડ ગયા.

**ક્ષત્રિયકુંડ.**

નવાદા સ્ટેશનથી ૩૨ માઇલ, લખીસરાઇ જંક્શનથી ૨૨ થી ૨૪ માઇલ અને ચંપાપુરીથી માઇલિ દૂર સ્થાન છે. કાકંદીથી ૧૦ માઇલ દૂર છે. નવાદાથી ગૃહસ્થોને તો મોટરદ્વારા અહીં આવતાં વધારે અનુકુલતા છે. લખીસરાઇથી સિંકદરાજ જતી સડકથી આ સ્થાન દૂર છે. સડક રસ્તે કાકંદી થઇને જતાં ૧૮ માઇલ આવ્યા પછી કાચે રસ્તે ક્ષત્રિયકુંડ જવાય છે.

ક્ષત્રિયકુંડ ભગવાન મહાવીરના જન્મસ્થાન તરીકે બહુ પ્રસિદ્ધ છે. અમે ક્ષત્રિયકુંડથી પાંચેક માઇલ દૂર હતા ત્યારે ત્યાંના કેટલાક ભાઇઓને પૂછયું કે અહિંથી ક્ષત્રિયકુંડ કેટલું દૂર છે? ત્યારે તેમણે કહ્યું તમે જન્મસ્થાન જાવ છો ને? જૈન મંદિર અહીંથી પાંચ માઇલ દૂર છે. પછી તેણે ખુલાસો કર્યો કે તમે–જૈનો જેને ક્ષત્રિયકુંડ કહો છે તેને અહીં જન્મસ્થાન તરીકે ઓળખે છે. આટલામાં ચોતરફ તમે એક બાળકને પુછશો તો તે જન્મસ્થાન બતાવી દેશે. ક્ષત્રિયકુંડ નામ થોડા જાણે છે.

ક્ષત્રિયકુંડ જતાં પહેલાં લછવાડ ગામમાં રહેવું પડે છે. આ નગર લિછીવી રાજાઓની રાજધાની તરીકે પ્રસિદ્ધ છે. લછવાડમાં એક સુન્દર વિશાલ શ્વેતાંબર ધર્મશાળા અને અંદર શ્વેતાંબર મંદિર છે. બહાર વિશાલ કંપાઉન્ડ છે. મંદિરમાં શ્રી વીરવિભુની સુન્દર પ્રતિમા મૂલનાયક છે. ધર્મશાળા જૂની અને તુટેલી છે. કહે છે કે જ્યારથી થઇ ત્યારથી અધૂરી જ રહી છે. ધર્મશાળાનું કામ ઘણા વખતથી અસ્તવ્યસ્ત છે. અહીં એક શ્વેતાંબર કોઠી તરફથી એક મેનેજર છે જે વ્યવસ્થા રાખે છે. જાતે ભાટ છે પણ ધર્મને નામે ઘણો આડંબર રાખે છે. અમને તો તેમાં ઘણી પોલ લાગી. સડકને નામે, ધર્મશાળાને નામે, મંદિરને નામે આદિ આદિ ઘણાં ઘણાં ખાતાંને નામે ટીપ ઉઘરાવી લાવે છે. યાત્રુઓ પાસેથી પણ ઉઘરાવે છે. શું વ્યવસ્થા થાય છે તેનો રીપોર્ટ ઘણાં વર્ષોથી બહાર નથી પડતો. ત્યાંના માણસો પણ તેની વિરૂદ્ધ ઘણી ફર્યાદ કરતા હતા. એકલદોકલ યાત્રિઓને, શ્રાવિકાઓને હેરાન પણ કરે છે. તેની વિરૂદ્ધ ઘણી ભયંકર ફર્યાદો થઇ છે. અહીં એક જૈન મુનિમની ખાસ જરૂર છે. મહારાજ બહાદુરસિંહજી આ તરફ લક્ષ આપી વ્યવસ્થા સુધારે.

( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન–આચાર.

હિંદુસ્તાનના જૈનોની વસ્તીવાળા ઘણાખરા શહેર યા ગામોમાં જૈન શાળાઓ ચાલે છે, અને જૈન બાળકો ધાર્મિક જ્ઞાન લે છે, જો કે સામાયક, પ્રતિક્રમણ, પ્રકરણ યાને કર્મગ્રંથ વગેરે, જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તો ભાગ્યે જ ત્યાં થતો હોય, તે વાત બાજુ પર રાખીયે પરંતુ પરમાત્માના સ્નાત્ર કે પૂજા ભણાવવાના કે કરવાના કાર્યમાં વિધિ, વિધાનની પણ, તેવા કર્મગ્રંથ સુધી અભ્યાસમાં પહોંચેલા જૈન બાળકોને જાણ હોતી નથી, તે પણ જવા દીયે, પરંતુ જૈનકુળમાં જન્મેલ દરેક બાળકને પોતાના જૈનકુળ–ધર્મના આચારનું તો જ્ઞાન–ભાન બાળવયથી જ મળવું જોઇએ. કારણ કે તે પ્રથમ કર્તવ્ય, ફરજ, જરૂરીયાતવાળું છે; છતાં બાહ્યાચાર વગેરેથી પણ બાળકો તદ્દન અજાણ હોય છે, આ બધાનું કારણ જૈન શાળાના વ્યવસ્થાપકો કે શ્રીમતી જૈન કોનફરન્સની કેળવણી બોર્ડે તે ઉપર ખાસ લક્ષ રાખી તેવી પ્રથમ જરૂરીયાતવાળા ગ્રંથો અભ્યાસમાં મુકવાની કાળજી કેમ નહિં રાખી હોય તે સમજાતું નથી, તે ગમે તેમ હોય પરંતુ આ લેખક આચાર સંબંધીના તેવા જૈન ગ્રંથોમાંથી દોહન કરી હાલ તો લેખ રૂપે પછી સંયોગવશાત્ ગ્રંથ રૂપે શાળાઓમાં અભ્યાસક્રમમાં ચલાવી શકાય તે રીતે પ્રકટ કરવા ધારે છે.

(માસિક કમીટી.)

દરેક ધર્મમાં આચાર તે પ્રથમ ધર્મ ગણાય છે. અનાદિ કાળથી સંસારમાં અટવાતા આત્માને મુક્તિ રૂપી શિખર ઉપર બિરાજમાન થવા પ્રતિદિન શુદ્ધાચારમાં નિયત કરવો જોઇએ. અને તે માટે જિનપૂજન, દર્શન, યથાશક્તિ દાન, તપ, તથા આવશ્યક ક્રિયા, બ્રહ્મચર્ય, ઇંદ્રિય ઉપર કાબુ, રાત્રિભોજન ત્યાગ, ગુરૂભક્તિ વગેરે અનુષ્ઠાનો નિરંતર રસપૂર્વક ચાલુ રાખવા જોઇએ. આ બધા માટે પ્રથમ આચારશુદ્ધિ જોઇએ કે જેના વિના વિચારશુદ્ધિ નિરૂપયોગી બને છે; કારણ કે સુંદર વિચારશ્રેણીને તે જ જન્માવી અને ટકાવી શકે છે. અને આચાર અને વિચારશુદ્ધિ એકમેક થતાં મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ સરલ થઇ પડે છે. પરંતુ હાલના અતિ પ્રવૃત્તિવાળા, ધન ઉપાર્જન કરવાની પ્રબળ તૃષ્ણાવાળા, તેમજ વિલાસપ્રિય ચાલતા કાળમાં મનુષ્યો પોતાનો મુખ્ય જે આચારધર્મ શું છે તેને ભૂલી જવા પામ્યા છે; જેથી બાહ્ય રૂપે જૈન કુળમાં જન્મેલ મનુષ્ય પ્રાયઃ જૈનધર્મી મનુષ્ય રહ્યો નથી; તેનું કંઇ દિગ્દર્શન થાય અને તે પ્રમાણે દરેક જૈનબંધુઓ પોતે પોતાના બાળકોને આચારનું જ્ઞાન ઘેર આપે કે જૈન શાળાઓમાં તે મુખ્ય રીતે દાખલ થતાં અભ્યાસી બાળકો આચારનું જ્ઞાન મેળવી તે પ્રમાણે વર્તે, ખરા જૈનધર્મી બને તેવો હેતુ આ લેખ લખવાનો છે. રાત્રિના ચોથે પહોરે બ્રાહ્મ મુહૂર્ત વખતે શ્રાવકે જાગૃત થઇ શું શું ચિંતવવું ? ત્યાંથી શરૂ કરી આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી–ચર્યા કેવા આશયથી તેમજ કેવી વિધિથી કરવી અને રાત્રિના સુવાના વખત સુધીમાં મન, વચન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયાની શુદ્ધિપૂર્વક ધર્મની આજ્ઞાના પાલનસાથે ગૃહસ્થ તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ ? તેનું પ્રતિપાદન આ લેખમાં આપવામાં આવશે. દરેક મનુષ્ય સુખને ઇચ્છે છે અને તે નિર્દોષ અખંડ તો મોક્ષમાં જ રહેલું છે. મોક્ષનું સુખ ધ્યાનથી, અને ધ્યાન મનની શુદ્ધિથી અને મનની શુદ્ધિ કષાયોને જીતવાથી થાય છે; કષાયનો જય ઇંદ્રિયોના દમનથી અને તેનો જય સદાચારથી થાય છે કે જે સદાચાર સારા ઉપદેશથી થાય છે; ઉપદેશથી સુબુદ્ધિ અને તેનાથી સદ્‌ગુણોનો ઉદય થાય છે. ધર્મ સાંભળવાથી, આદરવાથી, દેખવાથી, કરાવવાથી અને અનુમોદવાથી નિશ્ચે પ્રાણીઓની સાત પેઢી પવિત્ર કરે છે અને છે. મનુષ્યપણું, ઉત્તમ જાતિ, ઇંદ્રિય કુશળતા, લાંબુ આયુષ્ય, આર્યદેશ એ કર્મની કોઇપણ પ્રકારની લઘુતાથી પ્રાપ્ત થયાં છતાં શ્રદ્ધા અને તે પછી સદ્‌ગુરૂનો સંયોગ તો અનુક્રમે મહાભાગ્યે પ્રાપ્ત થાય છે, છતાં તે સઘળી સામગ્રી એક સદાચાર હોય તો જ શોભે છે. સદાચારને સેવવામાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને પરસ્પર બાધ ન આવે તેમ મનુષ્યે સાવધાની રાખવી જોઇએ. પ્રથમ જૈનકુળમાં જન્મેલ મનુષ્યે રાત્રિના ચોથા પહોરમાં બ્રાહ્મ મુહુર્ત વખતે ( ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ) સાવધાન થઇ શ્રી પંચમેષ્ટી મંત્રની સ્તુતિ કરતાં કરતાં નિદ્રાનો ત્યાગ કરવો, પછી બિછાનામાંથી ઉઠયા બાદ ડાબી કે જમણી જે બાજુની નાસિકા વહેતી હોય તે તરફનો પગ પ્રથમ ભૂમિઉપર મુકવો કલ્યાણકારી છે, રાત્રિના પહેરેલાં કપડા કાઢી નાંખી, બીજા સ્વચ્છ કપડા પહેરી શુદ્ધ જગ્યામાં રહીને પવિત્ર અંગ કરી પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસી એક ચિત્તે નમસ્કાર મંત્રનો જાપ કરવો.

( સ્નાન કર્યું હોય કે નહિ, શરીર પવિત્ર હોય કે નહિં, સુખમાં હોય કે દુઃખમાં છતાં નમસ્કાર મંત્રનું ધ્યાન કરતો મનુષ્ય પાપથી મુક્ત થાય છે ) જાપ માટે હૃદયકમળ વગેરેની વિધિ જો કે શાસ્ત્રોમાં બતાવેલી છે તે પ્રમાણેનો જાપ તે મુખ્ય છે, જપમાળા વડે કરાયેલ મધ્યમ છે, મૌન રાખ્યા વિના, સંખ્યાનું લક્ષ રાખ્યા વિના અને ચિત્તનો નિરોધ કર્યા વગર, પદ્માસન વગેરે આસન લગાવ્યા વગર પ્રભુમાં લયલીન થયા વિનાનો જાપ મધ્યમ છે. આંગળીના ટેરવા ( અગ્રભાગ ) ગણીને અથવા નવકારવાળીના મેરૂનું ઉલ્લંઘન કરીને જે જાપ થાય તેમજ ઉપયોગશુન્યપણે થાય તેને શાસ્ત્રોમાં અલ્પ ફળ આપનાર કહેલ છે.

ત્યાર બાદ સૂર્યોદય થતાં ઉપાશ્રયમાં અથવા પોતાને ઘેર પૌષધશાળા હોય તો ત્યાં જઇ પોતાના પાપોની વિશુદ્ધિ કરવા માટે સામાયિકાદિ આવશ્યક કરણી કરવી, પશ્ચાતાપ-પૂર્વક, ફરી પાપ નહિં કરવાની બુદ્ધિથી–સરલ હૃદયથી, ગુરૂ મહારાજ સન્મુખ કરેલ આવશ્યક ક્રિયા નિશ્ચય મનુષ્યને ઉપકારક થાય છે. ઉપર પ્રમાણે આવશ્યક ક્રિયા કરી પૂર્વ કુળમર્યાદાને યાદ કરીને અત્યંત હર્ષિત ચિત્તથી નીચે પ્રમાણે મંગળ સ્તુતિ કરવી.

मंगलं भगवान् वीरो, मंगलं गौतम प्रभुः ॥ मंगलं स्थूलभद्राद्या, जैन धर्मोऽस्तु मंगलम् ॥ १ ॥
नाभेयाद्या जिनाः सर्वे भरताद्याश्च चक्रिणः ॥ कुर्वंतु मंगलं सिरि–विष्णवः प्रतिविष्णवः ॥ २ ॥
नाभिसिद्धार्थभूपाद्या, जिनानां पितरः समे ॥ पालिताखंड साम्राज्या, जनयंतु जयं मम ॥ ३ ॥
मरुदेवा त्रिशलाद्या, त्रिख्याता जिन मातरः ॥ त्रिजगज्जनितानंदा, मंगलाय भवंतु मे ॥ ४ ॥
श्री पुंडरीकेंद्र भूति प्रमुखा गणधारिणः ॥ श्रुतकेवलीनोऽन्येऽपि मंगलानि दिशंतु मे ॥ ५ ॥
ब्राह्मी चंदनबालाद्या, महासत्यो महत्तराः ॥ अखंड शील लीलाढ्या यच्छंतु मम मंगलम् ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરિસ્થિતિ સમજો.

લેખક. નાગરદાસ મગનલાલ દોશી. બી. એ.

**કોઇ** પણ જૈન વિચારક કે સમાજની ખરી પરિસ્થિતિ સમજનાર મનુષ્યને આજની જૈન સમાજની અવદશા હૃદયને આઘાત કર્યા વગર નહિ રહે. કેટલાક માણસો આ દુર્દશા માટે પ્રારબ્ધને ભલે દોષ દે. પણ જરૂર માનજો કે જ્યારે માણસ પોતાની જવાબદારીમાંથી છટકી જવા માગે છે ત્યારે જ તે ભાગ્યનો આશ્રય શોધે છે. સમાજની આધુનિક દશા માટે પ્રારબ્ધ એકલાને જ જવાબદાર ગણુવામાં આપણે આપણી જવાબદારીનો સ્પષ્ટ ઇન્કાર કરીયે છીયે, એ નિર્વિવાદ છે. જૈન સમાજ એ મુખ્યત્વે કરીને વેપારી વર્ગ અને મુનીમોનો બનેલે છે. એટલે જૈનોની આબાદિનો ખરો આધાર વેપાર ઉપર જ છે. જો વેપા-

---

चक्रेश्वरी सिद्धायका मुख्याः शासन देवताः सम्यग्दृशां विघ्नहरा रचयंतु जयश्रियः ॥ ७ ॥
कपर्दी मातंग मुख्या यक्षा विख्यात विक्रमाः जैन विघ्नहरा नित्यं देयासुर्मंगलानि मे ॥ ८ ॥

આ મંગળ અષ્ટક દરેક બાલકો-બાલિકાઓને મોઢે કરાવવું, દરેક શાળાઓમાં દાખલ કરવું અને દરેક મનુષ્યે પ્રાતઃકાળમાં ભણવું. આ અષ્ટકમાં પ્રથમ ભગવાન શ્રી મહાવીર, ગૌતમપ્રભુ, સ્થૂલિભદ્ર આદિ મહાપુરૂષો અને જિનેશ્વરે પ્રરૂપેલ ધર્મ મને મંગળરૂપ થાઓ, બીજામાંથી રૂષભદેવ ભગવાનાદિ પ્રભુઓ, ભરત મહારાજ વગેરે ચક્રવર્તિઓ, બળદેવો, વાસુદેવો સર્વે મારૂં શ્રેય કરો, ત્રીજા શ્લોકમાં વર્તમાન કાળના ચોવીશ તીર્થંકરોના નાભિ રાજા વગેરે પિતાઓ જેઓએ અખંડ સામ્રાજ્યનું પાલન કર્યું છે તેઓ સર્વે મારો જય કરો, ચોથામાં તીર્થંકર ભગવાનની મરૂદેવી વગેરે માતાઓ મને મંગળ ઉપજાવનાર થાઓ, પાંચમામાં શ્રી પુંડરીક અને ઇંદ્રભૂતિ આદિ જિનેશ્વરોના ગણધરો તથા બીજા શ્રૂત કેવલીઓ મને મંગળ આપો, છઠ્ઠામાં બ્રાહ્મી અને ચંદનબાળા વગેરે મહાસતી-સાધ્વીઓ મને મંગળ આપો. સાતમામાં સમ્યગ્દર્શનીના વિઘ્નો હરનાર ચક્રેશ્વરી અને સિદ્ધાયિકા વગેરે શાસન દેવતા મને જયલક્ષ્મી આપો, અને છેલ્લા શ્લોકમાં જૈનોના વિઘ્નોના નાશ કરનારા એવા કપર્દિ અને માતંગાદિ શાસનરક્ષક યક્ષો મને હંમેશાં મંગળ આપો એમ જણાવેલ છે. સુકૃતથી ભાવિત છે ચિત્ત જેનું, સૌભાગ્ય યુક્ત, એવો સારી બુદ્ધિવાળો મનુષ્ય ઉપર બતાવેલ મંગલાષ્ટકને પ્રાતઃકાળમાં જે ભણે છે-ગણે છે, તેના સર્વ વિઘ્નો નિશ્ચે દૂર થતાં જગતમાં અત્યંત મંગળને પામે છે એમ શાસ્ત્રમાં જણાવેલ છે જેથી આ અષ્ટક અવશ્ય દરરોજ પ્રાતઃકાળમાં ઉઠી ભણવા જેવું છે. હવે પછી શું કરવું તે આવતા અંકમાં.

શુદ્ધ આચારનો ઇચ્છક.

For Private And Personal Use Only

રમાં તેજી હશે તો આપણા મોઢાં ઉપર પણ તેજી આવશે અને વેપારની મંદી આપણા જીવનમાં પણ મંદી આણશે. આમ વેપારની આબાદિ કે બરબાદિ સાથે આપણે ખાસ નિસ્બત છે. હવે જ્યારે સારાંયે જગતની અંદર વેપારની મંદી દરેકને સતાવી રહી હોય ત્યારે તે જૈનોને નુકસાન કરે એતો સ્વાભાવિક છે. વળી અત્યાર સુધી કેટલાક વેપારો જે આપણને ઇજારા સમાન હતા તેમાં પણ જૈનેતર પ્રજા આવી પહોંચી છે અને હરીફાઈમાં જૈનોને હરાવી પોતે આગળ પડતું સ્થાન ભોગવે છે. આમ સમાજની પીઠ સમાન વેપારની અંદર આપણી પીછે હઠ છે. કેળવણીના ક્ષેત્રની અંદર પણ આપણું સ્થાન સંતોષકારક ન કહેવાય. અમુક અપવાદો સિવાય જૈન વિદ્યાર્થીઓ હાઇસ્કુલમાં કે કોલેજમાં જળહળતી કારકીર્દી બતાવી શકયા નથી. અને પરિણામે રાજકારણમાં અને સરકારી ઉચ્ચ અધિકારવાળી નોકરીમાં આજે જોવે તેટલાં જૈનો જોવામાં આવતા નથી. વળી મને કહેતાં દુઃખ થાય છે કે આપણે એક વસ્તુ યથાર્થ રીતે સમજ્યા નથી અને તે બાળકો પ્રત્યેની આપણી ફરજ. આજનો બાળક એ કાલનો યુવાન છે એ સારાય સમાજની ઇજ્જતનો રક્ષણહાર છે અને સમાજે રચેલાં રમ્ય આદર્શને મૂર્ત સ્વરૂપ આપનાર એ ભવિષ્યનો ઉમેદવાર છે. એ વાત લક્ષમાં રાખીને આપણે તેને કેળવવામાં નિષ્ફળ નીવડ્યા છીએ. તેના સંસ્કૃતિ ઘેલા માનસને આપણે પોષી શકયા નથી, અને તેની ઉંચી ઉડતી મહાત્વાકાંક્ષાઓને આપણે આપસઆપસના કજીઆઓ ઉભા કરી રોકી રહ્યા છીયે. પુત્રના વેવિશાળ અને બહુ તો લગ્ન સુધી તેને કેળવણી આપવામાં આપણી ફરજ સમાપ્ત થતી હોય તેવી માન્યતા આપણામાં ઘર કરી બેઠી છે. ગમે તેમ હોય પણ જેમ વેપારની અંદર તેમ કેળવણીની બાબતમાં પણ આપણે હજુ ઘણું કરવાનું રહે છે. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન પણ વિચારણા માગે છે. આપણે તેને અક્ષરજ્ઞાન આપી પશુની સ્થિતિમાંથી મનુષ્ય બનાવવી જ રહી. જે પિતા પોતાની પુત્રી તરફ આ પ્રથમ અને મૂળભૂત ફરજ અદા કરતો નથી તે પુત્રીનો પિતા નથી પણ દુશ્મન છે એમ કહેતાં મને સહેજે સંકોચ કે દુઃખ નહિ થાય. હજુ વિધવાઓનો પ્રશ્ન તો અણઉકેલ પડ્યો છે. તે નિરાધાર અબળાઓ રાત્રિ દિવસ અશ્રુઓ સારી રહી છે. તેઓની દુઃ[illegible]સ્થિતિ અને નિરાધારતા પણ આપણું ધ્યાન નિમંત્રે છે. બાળ મરણનું [illegible], દિન [illegible] વધતી દરિદ્રતા અને વધ્યે જતા દર્દો, સમાજમાં ઘર કરી [illegible] છે. ખોટા [illegible] તથા ત્યજાએલાં વૃદ્ધ જનોની લાચાર અવસ્થા, આ અને આ[illegible] બીજા પ્રશ્નો સમાજને સતાવી રહ્યા છે અને સમાજજીવન વિષમય બનાવે છે. આમ લખવામાં મારો ઇરાદો હાલની કાળી બાજુ ચિતરવાનો અને સમાજને ઉતારી પાડવાનો છે એવું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ ન માને. હું તો મને લાગે છે તેમ સાચી પરિસ્થિતિ જનતા આગળ રજુ કરૂં છું જેથી તેઓ જાગે અને વ્હેલાસર ચેતે, કારણ કે વસ્તુસ્થિતિથી અજ્ઞાત રાખ્યા જવું તેના જેવું બીજું એકે પાપ નથી. પણ હવે પ્રશ્ન એ ઉઠે છે કે કરવું શું ? આમાંથી ઉગરવાનો એકે રસ્તો છે કે નહિ ? આનો જવાબ એ છે કે આપણા ઉદ્ધારનો રસ્તો આપણી પાસે જ છે. જે ઘડીથી આપણે જાણતાં થઇએ કે આપણે મુશ્કેલીમાં છીયે અને કડબાંધીને તે મુશ્કેલી દૂર કરવા તનતોડ મહેનત શરૂ કરી દઇયે, તે જ ઘડીયે આપણી અર્ધી મુશ્કેલી દૂર થઇ સમજજો. આકરા દર્દોને માટે ઔષધ પણ આકરા હોય છે; તેમ આને માટે પણ આકરા અને સખ્ત પ્રયાસોની જરૂર છે. વળી આનો ફડચો સમાજનો કોઇપણ એક પક્ષ કરી શકે એમ માનવું એ કેવળ મૂર્ખતા છે એમાં તો સમાજના દરેક પક્ષના સહકારની જરૂર છે. મને કહેતાં દુઃખ થાય છે કે આજે સમાજના બે પક્ષ વૃદ્ધો અને યુવાનો એક બીજા તરફ શંકાની દષ્ટિથી નીહાળે છે. વૃદ્ધોનું કર્યું યુવાનો નાપસંદ કરે છે અને યુવાનોને કામકાજનો અનુભવ નથી એ બ્હાના હેઠળ મોટેરાંઓ યુવાનોને આગળ આવવા દેતાં અચકાય છે. મને ભય છે કે જો આ પ્રથા અટકશે નહિ તો ઘણાં અનર્થો થશે અને આપણું કામ અધુરૂં રહેશે. આપણે જાણવું જોઇએ કે સમાજ રૂપી રથના વૃદ્ધ અને યુવાન બે બળદો છે. વૃદ્ધ બળદ આગળ વધવા અશક્ત છે પણ તે દિશાનિર્દેશ સુંદર રીતે કરી શકે છે, કે જે વિના ભાર વહન કરનાર ઉત્સાહી યુવાન બળદને ખાડામાં પડવાનો ડગલે અને પગલે ભય રહે છે. આ બેમાં કોની વધારે જરૂર છે એ કહેવું મુશ્કેલ છે. પણ બેમાંથી એકે વિના આગળ વધી શકાય તેમ નથી એ દીવા જેવું સ્પષ્ટ છે. આમ સમાજના હિતનો આધાર આ બન્નેના સહકાર ઉપર અવલંબે છે. જેટલાં અંશે બન્ને વચ્ચે વિખવાદ ઓછા તેટલાં અંશે સમાજહિત વધારે સધાવાનું. ઇશ્વર સમાજના આ બે પક્ષોને સદ્‌બુદ્ધિ આપે અને તેમની પાસે સમાજનાં અમૂલ્ય કાર્ય કરાવે એવી મારી ખરા દીલની પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનુષિક જીવન

હે ભવ્યજન !

ગર્ભવિમોચન થયા પછી બાલ્યાવસ્થામાં બાલ્યક્રીડામાં મસ્ત બની યૌવનાના આરંભકાળમાં વિષયવિહાર આદિક દુર્ગુણોની વૈતરણીમાં નિમજ્જ થઇને પોતાના માનવધર્મ તથા આત્મોચિત કર્તવ્યને સર્વથા ભૂલી જઇ અષ્ટપ્રહર વિષયકષાય આરંભ–સમારંભમાં ડુબી જઇ ઉદરનિર્વાહ નિમિત્તે સંસારના વિવિધ ખટપટ અને માયિક જંજાળોમાં પરોવાઇ જઇ પોતાના મૂળ સ્વરૂપને જન્મ–જન્માન્તરગત કર્તવ્યના જ્ઞાનથી જાણવાને ઉત્સાહ કરતો નથી તો માનવજન્મ ખેદનીય છે.

જગતના અસ્થિર વૈભવોની પાછળ ત્હારા અમૂલ્ય સમયનો ક્ષેપ કરી વિષયાગ્નિનું પ્રચંડ ઉદ્દીપન કરવાને જેટલું મંથન કરી રહ્યો છે તેટલું ત્હારા આત્માના કલ્યાણ અર્થે અથવા તો નિઃશ્રેય માર્ગમાં પ્રવૃત્તિ કરવાને કદિપણ સદ્વિચારનું એક તરંગ પણ ઉદ્ભવ્યું નથી અથવા તો સહસદાન્તર ભાવવાનું વિમર્ષણ કરવાને અહોરાત્રમાં તસ્દી લેવાને ભાગ્યશાળી બનતો નથી તો તેથી વિપરીત અવસ્થાનો અધિકારી થતા જાય છે.

હે ચેતન !

महार्निशम् किम् परिचिंतनीयम्
संसारमिथ्यात्वशिवात्मतत्त्वम्.

**અર્થાત્**-ત્હારો સ્વાર્થ સિદ્ધ કરવાને આ સંસારનું મિથ્યાત્વપણું જાણી અને શિવાત્મ (મોક્ષ) તત્ત્વનું પરિચિંતન એકાગ્ર મનથી કરતો રહે, એટલું જ નહીં પણ આ દેહ કોઇનો થયો નથી, અને થવાનો નથી. વૈભવો કોઇના રહ્યા નથી અને રહેશે પણ નહિં. સંસારી સંબંધીઓનો પ્રેમ ત્હારા પ્રત્યે રહેવાને નથી અને રહેશે પણ નહીં, તો. उत्तिष्ठ जाग्रत प्राप्य वरान् निबोधित ॥

હે પ્રમાદી પ્રમાદમાથી ઉઠ–જાગ અને તારો આત્મિક સ્વાર્થ સાધવાને ઉદ્યોગશીલ થઇ જા.

હે મુસાફર !

ગઝલ

મુસાફર આ જગતકેરા શિખામણ માનજે મારી,
જીવન સાર્થક કરી લેવા અદા કરજે ફરજ ત્હારી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતા માતા ને સંતાનો, ગુરૂ મિત્રો અને નારી,
બધા પ્રત્યે વિચારીને અદા કરજે ફરજ ત્હારી.

આ દેહનું ઇહ સંસારમાં શા હેતુ માટે અવતરણ થયું ? આપણો જન્મ શા માટે થયો ? कोस्त्वम् कोऽहम् कुत आयातः? અર્થાત્ આ સંસાર તે શું ? અને જગતની ચિત્રવિચિત્ર ઘટનાઓ સાથે આપણો સંબંધ અને હેતુ શો ? માનવજીવન તે શું અને તે કેમ પ્રાપ્ત થયું ? અનેક પુણ્યોપાર્જિત સંચયથી પ્રાપ્ત થયેલ માનવજીવન તેનો સદુપયોગ કેમ કરવો ? આ બાબતનો શાંત મનથી વિચાર કરીએ તો તે સર્વ વસ્તુ જાણી શકાય, તો જીવન એટલે શું ?

આ જીવ પૂર્વોપાર્જિત કર્મના સંચયથકી અને પૂર્વકર્મ ફલપરિપાક જે સુખ-દુઃખાદિ વિષયો તેને શરીર વગેરે સાધનદ્વારા ભોગવવાને ઉત્પન્ન થયો છે.તો સિદ્ધ થાય છે કે કર્મપ્રધાન છે અને તે ભોગવવાને તીર્થંકરાદિ ભગવાનોને પણ ભૂતલ ઉપર ગર્ભવાસનો અનુભવ કરવો પડેલો છે.

प्राक कर्मण्यपिलिप्यताम् चितबलान नान्योत्तरौश्लिताम् प्रारब्धम् परिभुज्यताम् अथ परब्रह्मात्मना संस्थितः ॥

અર્થાત પ્રારબ્ધકર્મથી તેઓ પણ મુક્ત થઇ શકેલ ન હતાં કિંતુ પ્રારબ્ધકર્મને ભોગવ્યા પછી કર્મનો ક્ષય કરી તેઓ તીર્થંકરપદને પામવાને ભાગ્યશાળી થયા હતા તો कर्मणो गहना गतिः કર્મની ગહનગતિ છે એટલું જ નહીં પણ स्वकर्मसूत्रग्रथितो हि लोकः અર્થાત્ આ લોક તે આપણી કર્મજાળ છે. જેવી રીતે રેશમનો કીડો પોતાની લાળથી પોતાને બાંધે છે અને સર્વસ્વ ગુમાવે છે તેમ કરોળીયો જાળ બાંધે છે અને તે જાળમાં પોતે ભરાય છે તે પ્રમાણે આ દેહ તે માનુષે સ્વકર્મદ્વારા ઉત્પન્ન કરેલી કર્મજાળ છે.

હે જીવ !

સહુ જીવ નિજનિજ કર્મકૃત, સુખદુઃખ વિલસે સર્વદા,
સુખદુખ દાતા કર્મ વિણ, બીજા નથી બોલે બુધા;
જેમ જાળ ગુંથી કરોળીયો તેમાં સ્વયં વિટળાય છે,
તેમ રાગદ્વેષ પરિણતી–મય ચેતના બંધાય છે.

હે ચેતન ! અપરંપરા આપણને પણ અનુસ્યુત છે. હવે દેહ એટલે શું "शरीरम् कर्मबंधनम्," પૂર્વકાળમાં કરેલા કર્મને ભોગવવાને ઉત્પન્ન કરેલું સાધન તે **શરીર.**

જ્યારે જીવને યોનિ પ્રાપ્ત થાય ત્યારે આ દેહદ્વારા કર્મ ભોગવવાને જીવાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમર્થ થાય છે, પણ કેટલાક ચાર્વાક મતવાદીઓ એમ કહે છે કે આ દેહના વિલય પછી પુનર્જન્મ સંભવી શકે નહિ, કેમકે भस्तिभूतस्य देहस्य पुनर्गमनम् कुतः ॥ અર્થાત્ જીવાત્મા જ્યારે આ દેહને મૂકી કાલના સમયે પ્રયાણ કરે ત્યારપછી જે દેહને અગ્નિદ્વારા સ્મશાનભૂમિને વિષે ભસ્મિભૂત કર્યા પછી એ દેહનો પુનર્જન્મ કેમ સંભવે ? તો માત્ર ઉત્તર એ છે કે આપણો પંચભૂત દેહ તો પંચતત્ત્વમાંથી ઉત્પન્ન થાય છે અને પંચતત્ત્વમાં વિખરાય છે અર્થાત્ મૂળ સ્થિતિમાં મળી જાય છે, વળી ઐક્ય થાય છે તદુઉપરાંત જીવરહિત શરીર વ્યર્થ છે. તેનો ઉપયોગ થઇ શકે નહિ, કેમકે જીર્ણ વસ્ત્રોનો ત્યાગ આપણે કરીએ છીએ અને નવા વસ્ત્રો પહેરીએ છીએ તેવી રીતે જીવાત્મા જીર્ણ દેહનો ત્યાગ કરી નવું શરીર ધારણ કરે છે, પણ ઇહ સંસારમાં અમુક યોનિનું કર્મ ભોગવ્યા બાદ બીજી યોનિઓ ધારણ કરે છે. દેહને જન્મ નથી કિંતુ જીવાત્માને જન્મ ધારણ કરવો પડે છે, કારણ કે જીવનો ત્રિકાલમાં નાશ નથી. આ જીવાત્મા પરમાત્માનો અંશરૂપ પણ અમુક અપેક્ષાએ છે. अप्पा सो मप्पा ॥ તેનો નાશ કોઈ રીતે સંભવી શકે નહિ. ॥ विनाशमव्ययस्यापि न कश्चित् कर्तुमर्हसि ॥ અર્થાત્ અવિનાશી જીવાત્માનો નાશ કરવાને કોઈ સમર્થ નથી તે તો अविनाशितु तद् विद्धि કારણ કે આત્મા અવિનાશી છે, વળી સર્વ વસ્તુથી અબાધિત છે. એ સિદ્ધ વાત છે કે આત્મા કર્મ ભોગવવાને નવું શરીર ધારણ કરી યોનિદ્વારા આ સંસારને વિષે જન્મ લે છે માટે કર્મ ભોગવવાને પુનર્જન્મ સિદ્ધ છે. આવી રીતે આપણે કેટલીક વખત યોનિઓ ધારણ કરી છે, અને હવે જો જીવનનો દુરૂપયોગ થશે તો અનેક યોનિઓ ધારણ કરવી પડશે જ તે ચોક્કસ વાત છે, તો જીવનની સાફલ્યતા ઉપર એક લક્ષ્ય આપવાની ખાસ જરૂર છે.

## મુસાફરખાનાના એ મુસાફર !

જગતની ક્ષણિક–નશ્વર–માયિક ઇન્દ્રજાળમાં ફસાઇ કાળરૂપી કરોળીયાના મુખમાં મક્ષિકાની માફક ભક્ષ થઇ જતાં છતાં અજ્ઞાન કલુષિતાના અથવા અવિદ્યાના બળવડે સંસારની સ્વપ્ન તુલ્યતા અથવા અનિત્યતાનો ભાવ થતો નથી, તેથી કરીને મમત્વાદિ દોષના કારણે જીવનોન્નતિ કરી શકતાં નથી તો જેના પરિણામથી ભવાટવીના ભ્રમણમાં–સંસારરૂપી ચક્રમાં દુઃખ–યાતનાઓમાં નરકગતિમાં જીવાત્મા ભટકી યમના પ્રચંડ અત્યાચારો સહન કરી ચોરાશી લક્ષ અવનીનું ભ્રમણ કરતાં છતાં પણ આત્મશાંતિ કાંઇએ પણ અનુભવી શકતો નથી.

સંસારિક વિષયલોલુપ્તિમાં આસક્તિ રાખી, માયિક સંપત્તિમાં મશગુલ બની ઇંદ્રિયજન્ય સુખોમાં અંધ થઇ આ શરીરરૂપી માનવ દેહનો દુરૂપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ કરી સંસારનું મિથ્યાજ્ઞાન પ્રાપ્ત કરવામાં જેટલા દઢચિત્ત થઇએ છીએ તેટલા અંશે ઇશ્વર, જીવ, અજીવ અને જગતનો ભેદ જાણવાને ઉત્કંઠિત થતાં નથી તો સહસ્ત્રવાર કાલવ્યાલના ભયંકર ભોગ થવાને અને દારૂણ દુઃખના ભોક્તા થવાને જીવાત્માને જન્મ ધારણ કરવો પડે છે. જ્યાં સુધી સાચું જ્ઞાન થયું નથી ત્યાંસુધી કાલભિષંગને વશ થયા વિના છુટકો નથી. વિષયભુજંગના વિષથી જર્જરિત થયેલા આત્માને આત્મ-પ્રબોધ સિવાય જન્મ-મરણના ફેરામાંથી બચી શકવું અસંભવિત છે.

**હે આત્મન્ !**

( દોહરો )

વખત ખરો વીતી જશે, થશે ન સાર્થક કાંઈ;
પસ્તાવો પાછળ થશે, અંતસમયમાં ભાઇ.

આ માનુષિક જીવનનો આત્મોત્કર્ષના માર્ગમાં શ્રી મહાવીરદેવની ઉપાસનામાં-ધાર્મિક ક્રિયાકાંડમાં સદુપયોગ કરવામાં આવે તો જીવનની કૃતાર્થતા મનાય. તદુપરાંત न शरीरम् पुनःपुनः અર્થાત ફરી ફરી મનુષ્યજન્મ દુર્લભ છે. સ્ત્રી, પુત્ર, દ્રવ્ય આ વસ્તુઓ અનેક વાર પુરૂષાર્થથકી પ્રાપ્ત થશે પણ માનવદેહ દુષ્પ્રાપ્ય છે, અને પુનઃ પુરૂષાર્થદ્વારા મેળવવો મુશ્કેલ છે તો આ તકનો લાભ લેવો તે સુજ્ઞ જીવોનું કર્તવ્ય કર્મ છે.

આ જગતમાં દેહ ધારણ કરી પ્રભુપરાંગમુખ જીવોનો ઉદ્ધાર કોઇ કાળે સંભવે નહિ. તેમનું આયુષ્ય વિફલ છે, તેમનું હૃદય વ્યર્થ છે જેણે પ્રભુના ચારિત્ર્યનું કર્ણદ્વારા શ્રવણ કર્યું નથી તો તેમને શ્રોતશકિત નકામી છે અને જે વિવેકાવિવેક બુદ્ધિશૂન્ય છે તેમને નરકાંધ કૂપપતનમાંથી મુકત કરવામાં મુશ્કેલ છે. મૃત્યુ સમયે મનુષ્ય પોતાના પાપકર્મોનો પશ્ચાત્તાપ કરવા માંડે છે અને શોકાગ્નિથી બળે છે, પણ છેવટે આવા વ્યર્થવિલાપથી કાંઇ પણ વળી શકે નહિ તો જ્યાં સુધી જીવન સ્વસ્થ છે, પ્રભુની કૃપા છે તો આ સુવખતનો સુલાભ લઈ આત્મોન્નતિના પુરૂષાર્થમાં આસકત થયું તે માનવજીવનનો સદુપયોગ છે.

હે જીવ ! આ સંસારવૃક્ષ વિષયોથી ભરપૂર છે. તે ઉપર અનેક જીવોરૂપી અસંખ્ય પક્ષીઓ વિહાર કરે છે અને અનેક વિષયને ભોગવે છે તેમાંથી "कश्चित् माम् वेत्तितत्वतः" કવચિત્ પૂર્વજ્ઞાન અને સુકર્મના પ્રતાપે અધ્યાત્મતત્ત્વને ચિંતવે છે તે જીવોને ધન્યવાદ ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્ષમાપના.

**શ્રી ચત્રભુજ જયચંદ શાહ. બી. એ. એલએલ. બી. (ભાવનગર)**

વીર પ્રભુનો ક્ષમા ગુણુ અલૌકિક હતો. અતિશય ક્રોધ સાથે પોતાને ડંખ મારતાં ચંડકોશીયા નાગને પણુ ક્ષમા અર્પવા ઉપરાંત તેને બોધ આપીને ઉદ્ધાર કરવો, અનંત શક્તિધારી એ પ્રભુ સમક્ષ પોતાના શિષ્યને તેજોલેશ્યાથી ભડભડ બાળી મૂકનાર ગોશાળા તરફ ક્રોધનું એક રૂંવાડું પણુ નહિ ફરકવું વિગેરે જૈન ઇતિહાસમાં વીર પરમાત્મા તથા બીજા મહાપુરૂષોની જીવનકથાઓ જૈન ધર્મને ગારવરૂપ છે.

ક્ષમા અને અહિંસા સમ્યક્ત્વધારી આત્માના પ્રશમ નામના એક જ ગુણુના બે ભાવો છે. અપરાધી કે નિરપરાધી કોઇ પણુ જીવનની હિંસા નહિ કરવી તે ઉપરાંત અપરાધીને ક્ષમા અર્પવી તેમાં અહિંસાની કસોટી, તેની પ્રતિભા, અને પ્રતિષ્ઠા છે. વીર પ્રભુએ અનેક દુઃખો, કષ્ટો, મતભેદ, વિરોધ અને ઉશ્કેરણી વચ્ચે એક ખરા તપસ્વીના સંયમથી તે સિદ્ધ કરી હતી.

---

## હે ચેતન !

(દોહરો)

નરભવ અમૂલ્ય પામીને, પામી અવસર ખાસ;
આત્મહિત સાધ્યું નહિ, તો થયો ખેલ ખલાસ.

સંસારરૂપી બગીચાના ઓ ખીલેલા પુષ્પ કાલે ત્હારી શી સ્થીતિ થશે ? તેની તેને કયાં ખબર છે. ઉઠ. ઉઠ. ભરનિદ્રામાં પડેલા ઓહ ! વટેમાર્ગુ ઉઠ–સાવધ થા. જે કાંઇ સત્કર્મ કરવું હોય તે આજે કરી લે, અત્યારે જ કરી લે. પછી પાછળ પસ્તાવો થશે તો હે મનુષ્ય ! તું પુનઃ પુનઃ પરમાત્માનું અને ત્હારા કર્મોનું સ્મરણુ કરતો રહે અને અધ્યાત્મજ્ઞાનથી વિવેકાવિવેક શકિત મેળવતો રહે એ જ જીવનની મહત્તા છે. "सर्वम् पदम् हस्तिपदे निमज्जति" અર્થાત્ જેમ હસ્તિના પાદમાં સર્વ પ્રાણીપાદનો સમાવેશ થઇ જાય છે તેવી રીતે જીવનોત્કર્ષમાં મનુષ્યના તમામ ધર્મોનો સમાસ થાય છે. અને स्वार्थश्च नात्मोन्नतितः परोऽस्ति ॥ એટલે આત્મોન્નતિ સિવાય અન્ય સ્વાર્થ નથી તો મનુષ્યની ફરજો અદા કરવા તત્પર થવું અને પામેલ જીવનને ઉન્નત કરવું એજ માનુષિક ધર્મ–કર્મ છે. इतिशिवम् अस्तु.

લેખક–**વીરકુમાર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે એ વીર પ્રભુના ભકતો અને અનુયાયીઓ છીએ, છતાં આપણુને ઘડીક વારમાં એક બીજા ઉપર ક્રોધ, ઇર્ષ્યા વિગેરે સમ્યક્ત્વ અને અહિંસા મૂલઘાતક ભાવો થઇ આવે છે; અને તે કેટલીકવાર લાંબો વખત મરણપર્યંત પણ ચાલે છે. આપણા અત્યારના વડીલો અને ધર્મનાયકો પણ એ બાબતમાં આપણુને અનુભવસિદ્ધ બોધપાઠ આપી શકે તેમ નથી. જાતિઅનુભવથી વિરૂદ્ધ જતી શિખામણ ભાગ્યે જ કોઇને અસર કરે છે; તેમ છતાં ધર્મની સાચી ઓળખાણ માટે, સમ્યક્ત્વની પ્રાપ્તિ, પોષણ, અને રક્ષણ માટે આપણામાં વધી ગએલી ક્રોધાદિક ભાવનાનો નાશ થવાની જરૂર છે.

તે માટે આપણા અનંત ઉપકારી પ્રાચીન ધર્મવીરોએ પર્યુષણ અને સંવત્સરી પર્વની રચના કરી છે. તેની આરાધના માટે આપણાં પ્રાચીન તથા અર્વાચીન આચાર્યોએ ઘણો ઉપદેશ આપ્યો છે અને આપે છે. આપણે પણ શકિત અને સમજ અનુસાર વ્રત, નિયમ, તપશ્ચર્યા, પ્રતિક્રમણ આદિ કરીએ છીએ, પણ તે સર્વને કેટલીકવાર આપણી અસહિષ્ણુતા અને અક્ષમામાંથી, જરા જરા મતભેદ અને તકરારોમાંથી, આગળ—પાછળના દોષો સંભારીને ભભૂકી ઉઠતી ક્રોધયુકત જવાળા ભસ્મીભૂત કરતી હોય તેમ જોવામાં આવે છે. આ સાંવત્સરીક પ્રતિક્રમણને અંતે આપણે તેવા અસહિષ્ણુતા અને ક્રોધયુકત ભાવોમાંથી બચી જવાની જરૂર છે.

તે કારણુસર દરેક જૈન બંધુ તથા બ્હેનને અમારી અરજ છે કે તમે જેમ વ્રત, નિયમ, તપશ્ચર્યા વિગેરે કરી પર્યુષણ પર્વ ઉજવો છો તેની સાથે તમારા રાગ-દ્વેષને જીતી, ક્રોધદિકને ત્યાગી, સમતાભાવ રાખી પર્યુષણપર્વને સાચી રીતે સાર્થક કરો. કોઇપણ જીવનો જેમ તમે વધ કે તેને દુઃખ નહિ આપવાની ભાવનાવાળા છો તેમ તેની સાથે તમારા અપરાધી કે વિરોધ પ્રત્યે પણ ક્ષમા ધારણ કરતા શીખો. અહિંસા જૈન ધર્મનો પાયો છે; ક્ષમા તેનું ભૂષણ છે; અને તેના આચરણમાં વીરપ્રભુનું અનુકરણ—સાંવત્સરી પ્રતિક્રમણની સાર્થકતા—અને આપણા આત્માનું કલ્યાણ છે.

આ સાથે અમો દરેકને ખરા હૃદયથી ખમાવીએ છીએ અને ક્ષમા યાચીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

**જૈન જાગૃતિ**—માસિક. તંત્રી ડાહ્યાલાલ મણિલાલ મહેતા. જેના ત્રણ અંકો અમોને પહોંચ્યા છે. જૈનોના ત્રણે ફીરકાની એકતા સાધવાની જ્યાં જ્યાં પોતપોતાની ક્રિયાકાંડ–સમાચારીમાં બાદ ન આવે તે રીતે અને સમગ્ર જૈનોના સામાજિક સવાલો માટે તેની જરૂર વર્તમાન સમયમાં તો છે જ તેવા સંયોગમાં એવા પત્રની પણ આવશ્યકતા છે–હતી તેવે વખતે આ પત્રને તેવો જ. ઉદ્દેશ પાર પાડવા તેના શ્રીયુત તંત્રીઓ પ્રકટ કરે છે જેથી તેની સફળતા ઇચ્છીએ છીએ. આ માસિક નિષ્પક્ષપાતપણે આધુનિક પત્રકારીત્વના સિદ્ધાંતને અનુસરીને ચાલે અને ભવિષ્યમાં તે ઉચ્ચ કોટીનું બને તેમ ઇચ્છીએ છીએ.

૧ **શ્રી ભકતામરસ્તોત્ર સાર્થ**—આ ગ્રંથમાં મૂળ, અર્થ અને તે તે શ્લોક ઉપર કથાઓ આપવામાં આવેલી છે. સાથે તેના રચનારની ઉત્પત્તિ આપી ઉપયોગી બુક બનાવેલ છે. બાળજીવો પણ યોગ્ય લાભ લઇ શકે છે. કિંમત છ આના.

૨ **સામાયિક સૂત્ર મૂળ પાઠ**—આ લઘુ બુકમાં મૂળપાઠ સામાન્ય વિધિ સાથે આપવામાં આવેલ છે. કિંમત એક આનો.

૩ **કલ્યાણકના ગીતો**—પ્રભુના પાંચ કલ્યાણકના ગીતો કે જે અમદાવાદ શહેરમાં તે તે વખતે ઉજવાય છે. જે સરલ ને સાદા હોવાથી બાળકો સહેલાઇથી કંઠે કરી શકે તેવા છે. કિંમત એક આનો.

૪ **જીવવિચાર પ્રકરણ સાર્થ**—આ લઘુ બુકમાં મૂળ શબ્દો અર્થ સાથે વચ્ચેવચ્ચે આવતા ભેદોના કોષ્ટકોદ્વારા અને છેવટે સામાન્યથી જીવોનું સ્વરૂપ અને મૂળ ગાથાઓ આપેલી છે, જે જિજ્ઞાસુ માટે ઉપયોગી બનાવેલ છે. કિંમત ત્રણ આના.

૫ **શ્રી જૈન પુષ્પ સંગ્રહ**—અર્થ સાથે ચૈત્યવંદન, સ્તુતિ, દુહા, સ્તવનો, સજ્ઝાય અને બીજી ઉપયોગી બાબતનો સંગ્રહ. શબ્દાર્થ ભાવાર્થ સાથે, અભ્યાસ ધોરણના નિયમાનુસાર સાથે યોજના કરી છે. બાળજીવોને મુખપાઠ કરવા સાથે તેના અર્થનું પણ જ્ઞાન થઇ શકે તેવી રીતે સંકલના કરી છે. કિંમત બે આના.

૬ **સ્નાત્રપૂજા**—શ્રીમદ્ વીરવિજયજી કૃત શ્રાવક-કરણીની સજ્ઝાય અર્થ સાથે આપેલ છે. સ્નાત્ર ભણાવનાર માટે ઉપયોગી છે. કિંમત એક આનો.

આ છ બુકોના પ્રસિદ્ધ કર્ત્તા શ્રી અમૃતલાલ સુખલાલ વોરા છે. સારા કાગળ ઉપર છાપકામ સારૂં થયેલ છે. મળવાનું ઠેકાણું:–ડોસીવાડાની પોળ—અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

અત્ર આચાર્યશ્રી **વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ** સહપરિવાર ચાતુર્માસમાં બિરાજમાન છે. દરરોજ વ્યાખ્યાનમાં જૈન-જૈનેતર લાભ લે છે. પર્યુષણ પર્વમાં આ વર્ષે ( બીજા વર્ષો કરતા અધિક ) નીચે મુજબ તપસ્યા થઇ હતી.

૧ બે માસના ઉપવાસ, ૫ એક માસના, ૩ સોળ દિવસના, ૧૫ પંદર દિવસના, ૩ બાર દિવસના, ૩ અગીયાર દિવસના, ૩ દશ દિવસ, ૮ નવ દિવસના, ૮૭ આઠ દિવસના, ૪૧ સાત દિવસના, ૩૪ છ દિવસના, ૬૭ પાંચ દિવસના-કુલે ૨૭૨ સિવાય ત્રણ સ્વામીવાત્સલ્ય જમ્યાં હતા.

**જયંતી:—**

અત્ર ભાદરવા શુદ ૧૪ રવિવારના રોજ આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજની જયંતી અત્રે શ્રીમાન્ **પ્રભાશંકર દલપતરામ પટ્ટણી** સાહેબના પ્રમુખપણા નીચે શ્રી વિજયધર્મપ્રસારક સભા અને બીજા ચાર મંડળો તરફથી ઉજવવામાં આવી હતી. મુખ્ય વકતા શ્રીયુત્ **હરજીવનદાસ કાલીદાસ** (શ્રી થીઓસોફીકલ સોસાયટીના સેક્રેટરી) હતા. આચાર્યશ્રીના ચરિત્ર અને ઉપકારો સંબંધી વિવેચન થયેલ હતું. સાંજના શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાના મકાનમાં શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી.

---

શ્રી દેહગામમાં બિરાજતા આચાય મહારાજના વિદ્વાન્ શિષ્ય શ્રી **વિદ્યાવિજયજી** મહારાજના ઉપદેશ, સુપ્રયત્ન અને ગુરૂભક્તિ નિમિત્તે તે દિવસે જયંતી ઉજવવામાં આવી હતી. આ જયંતી પ્રસંગે અને નિમિત્તે સપ્તાહ ઉજવવામાં આવેલ હતો, જેમાં ભાષણો, દેવભક્તિ નિમિત્તે પૂજા ભણાવવા વગેરેના કાર્યોથી જયંતી ઉજવવામાં આવેલી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના અંકનો વધારો.

મફત! મફત!! મફત!!!

# પ્રાર્થના-પચ્ચીશી.

ધર્મપ્રેમી બન્ધુઓની આર્થિક સહાયથી ઘણા થોડા દિવસોમાં ૫૦૦૦ નકલ છપાઈ બહાર પડશે.

બહિરાત્મભાવ ને ત્યાગી અન્તરાત્મદ્વારા પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે ક્રમસર આત્મોન્નતિસૂચક ચૌદ ગુણસ્થાનકને સ્પર્શ કરતું આ અતિ સરલ કાવ્ય છે.

"દરેક જૈનના હાથમાં તે હોવું જ જોઇએ."

એ માટે નીચે પ્રમાણે ગોઠવણ કરવામાં આવી છેઃ—

૧ ફક્ત પોસ્ટ અને પેકીંગ ખર્ચના ત્રણ પૈસા મોકલનારને પોસ્ટદ્વારા મોકલવામાં આવશે.

૨ દરેક ગામ અને શહેરની જૈન વિદ્યાશાળા-કન્યાશાળા-શ્રાવિકાશાળા અગર તેવી કોઇપણ સંસ્થામાં અભ્યાસ કરાવવા માટે વધારે નકલો જોઇતી હશે તો તે સંસ્થાઓની માગણીપર ધ્યાન રાખી અમારી સગવડ અનુસાર મોકલવામાં આવશે.

૩ દસ બુકના પોસ્ટ પેકીંગ ખર્ચ માટે ૦-૬-૦ આના મોકલવા.

૪ સ્થાનિકોને બુક બહાર પડ્યા પછી તુરત આપવામાં આવશે.

૫ જૈનેતરોને પણ સગવડના પ્રમાણમાં આપવામાં આવશે.

કોઈપણ ગ્રહસ્થને આવા જ્ઞાનપ્રચારના કાર્યમાં મદદ કરવા ઇચ્છા હશે તો એક હજાર નકલના ખર્ચ પુરતા પચાસ રૂા. લઇ તુરત ગોઠવણ કરી આપવામાં આવશે. છાપવાનું કામ ચાલુ હોવાથી ચાલતા કામે તુરત ગોઠવણ થઇ શકશે માટે ત્વરાએ ખબર આપવી.

૬ બીજા કોઇપણ જ્ઞાનના પ્રચાર માટે પુસ્તકો છપાવવા હશે તો તેની પણ યોગ્ય ગોઠવણ થશે.

૭ પુસ્તક પ્રેસમાં છપાય છે, ભાદરવા વદ ૦) લગભગ તૈયાર થયે મોકલવામાં આવશે, માટે મંગાવનારે પુસ્તક મળતાં ઢીલ થાય તો નકામો પોષ્ટ ખર્ચ ન કરવો.

નીચે જણાવેલ સ્થળેથી પણ મળી શકશે.
શેઠ ઝવેરભાઇ ભાઇચંદ.
કાલબાદેવી રોડ-મુંબઇ ૨.
શાહ ઉત્તમચંદ વેલચંદની કું.
કાલબાદેવી રોડ, છોટાલાલભુવન મુંબઇ ૨.

લખોઃ—બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળા.
પોપટલાલ સાકરચંદ શાહ.
અધ્યાપક-જૈન વિદ્યાશાળા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથ[illegible]ાળાનાં પ્રગટ થએલાં ને થનારાં પુસ્તકો.

૧ ભારતીય દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન-પોસ્ટેજ ૦ાા આનો મોકલનારને ભેટ.

૨ સામાયિક ચૈત્યવંદન સૂત્ર-શબ્દાર્થ, અન્વયાર્થ ને ભાવાર્થવાળું. પૂરવણી તરીકે પાઠશાળામાં .અભ્યાસ કરનારા બાળકો માટે ઉપયોગી વિષયો સહિત. ક્રાઉન સોળ પેજી ૮૦ પૃષ્ઠની કિંમત ૦-૨-૬

૩ દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર-શબ્દાર્થ, અન્વયાર્થ, ભાવાર્થ તથા ઉપયોગી વિષયોથી ભરપૂર, અર્થની પૂર્ણ સમજણવાળું આ એક જ પુસ્તક છે. દરેક વિદ્યાશાળાઓમાં ચલાવવા લાયક છે, જેની પાંચ સો નકલો રા. રા. શેઠ જેસીંગલાલ સાકરચંદ સમૌવાળા તરફથી સો સંસ્થાને ભેટ આપવાની છે, તેમાંથી ત્રણસો નકલો ભેટ અપાઇ ગઇ છે. જે સંસ્થામાં અર્થ શીખવાતા હોય તેણે પાંચ નકલ અમારી પાસેથી પોસ્ટના પંદર આના અથવા રેલ્વે પારસલથી મંગાવનારે ચાર આનાની ટીકીટ મોકલીને મંગાવવી. વધારે નકલો મંગાવનારે દશ આના એક પુસ્તક દીઠ કિંમતના ગણવા. લગભગ ૩૬૦ પૃષ્ઠનું ક્રાઉન સોળપેજી પુસ્તક છે.

૪ જૈન તત્ત્વપ્રવેશક જ્ઞાનમાળા. સુધારા સાથે. આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ સચિત્ર તૈયાર કરવામાં આવી છે. અભ્યાસ તરીકે ચલાવવાની ખાત્રી આપનાર સંસ્થાને સ્વર્ગસ્થ શેઠ રાયચંદ દુર્લભજી કાલીઆવાડીવાળા તરફથી ભેટ આપવાની છે. અમારા ઉપર લખવાથી ને પોસ્ટેજનો નકલ દીઠ એક આનો મોકલવાથી અથવા પાલીતાણે સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ પાસેથી રૂબરૂમાં મળી શકશે.

૫ ભકિતમાળા-સ્તવનો, ચૈત્યવંદનો, પ્રભાતિયાં, સ્તુતિઓ, ભાવનાઓ, સજ્ઝાયો વિગેરેનો ઉપયોગી સંગ્રહ કિં. ૦-૬-૦

૬ જીવોના ચિત્રો, જીવવિચારમાં આવતા જીવો જેવા કે બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિય ને પંચેંદ્રિય જીવોનાં લગભગ ૪૦ ચિત્રોના ચાર ફોટાઓની કિંમત ફક્ત ચાર આના. પોષ્ટ પેકીંગ ખર્ચનો એક આનો વધારે સમજવો. દરેક પાઠશાળાઓમાં મઢાવીને રાખવા લાયક છે.

પુસ્તકોની માગણીના અનેક કાગળો અમારી ઉપર આવ્યા છે. જે પુસ્તક તૈયાર થયું હોય છે તે પુસ્તક જેણે મંગાવ્યું હોય તેને તરત મોકલી આપવામાં આવે છે, પણ પુસ્તક તૈયાર થવામાં ઢીલ થઇ હોય તે મંગાવનારને મોકલવામાં વિલંબ થાય તો તેમણે બીજી વાર પોસ્ટખર્ચ ન કરવો.

### -: પ્રેસમાં તૈયાર થતાં પુસ્તકો :-

× ૧ બ્રહ્મચર્ય વિચાર—બ્રહ્મચર્ય સંબંધી ઉપયોગી લેખોનો સંગ્રહ.
× ૨ પ્રાર્થના પચ્ચીશી—દેવમંદિરમાં પ્રભુ પાસે બોલવા યોગ્ય કાવ્યો, સાર્થ.
૩ પંચ પ્રતિક્રમણ સૂત્ર—શબ્દાર્થ, અન્વયાર્થ ને ભાવાર્થ સાથે.
૪ જૈન તત્ત્વપ્રવેશક જ્ઞાનમાળા—દ્વિતીય વિભાગ.
૫ ઘરની લક્ષ્મી—કન્યા અને સ્ત્રી ઉપયોગી પુસ્તક.

---

× આ બન્ને પુસ્તકો ભાદરવા વદ ૦))) સુધીમાં તૈયાર થશે.

પોપટલાલ સાકરચંદ-ભાવનગર.
નાગરદાસ પ્રાગજી ડોસીવાળાની પોળ-અમદાવાદ.

આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાળમહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણ નથી. ચૈત્ર માસ અને આસો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજીમહારાજની આરાધના કરાય છે. એ અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે, તેવા શ્રીપાળ મહારાજનું અદ્દભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે, તે મૂળ તથા, તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, આશો શુદ ૧૫ પૂર્ણિમા સુધીમાં લેનારને બે રૂપીયા ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

**શ્રી નવપદજીની** પૂજા. ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ શ્રીમદ્ યશોવિજયજી મહારાજકૃત નવપદજીની પૂજા અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે શ્રી નવપદજીનું મંડલ તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા શ્રી નવપદજીનો યંત્ર કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેના સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજી પૂજાઓ પણ દાખલ કરેલ છે. ઉંચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામ જ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગિતા અને આરાધના માટે તો કહેવુંજ શું ? શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એકઉત્તમ કૃતિ છે. અને તેમાં ગુરૂમહારાજની છબી, નવપદજી મહારાજનું મંડલ તે યંત્ર દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાય છે. કિંમત: રૂા ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

ઉપરોકત બંને બુકો સાથે લેનારને ( આસો શુદ ૧૫ સુધીમાં ) રૂા. ૩–૦–૦ ( પોસ્ટેજ જુદુ ) ની કિંમતે મળી શકશે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૫૯. ભાદ્રપદ. આત્મ સં. ૩૮. અંક ૨ જો.

## સ્વદેશ પ્રેમ અને જાતીયતા

" જાતીય ભાવનામાં રજોગુણ ભર્યો છે. સ્વદેશ પ્રેમ શુદ્ધ અને સાત્વિક છે. જે પોતાના અહંભાવને દેશના અહંભાવમાં ઓગાળી દઇ શકે એ આદર્શ સ્વદેશસેવક છે જે પોતાના અહંભાવને જેમનો તેમ રહેવા દઈને દેશના અહંને પોષે તે જાતીય ભાવનાનો જય જયકાર બોલાવે છે.

ભગવાને પોતે ભારતને જગાડયું છે એની રગેરગમાં જાતીય ભાવનાનું લોહી ઉછાળા મારી રહ્યું છે, પણ એકલી જાતીયતા નકામી નિવડશે. સ્વદેશ એ જ અમારી સાચી માતાઃ સ્વદેશ એ જ અમારો ભગવાન સ્વદેશવાસીઓનો ઉદ્ધાર એ જ અમારી મુક્તિ.

એ જ પ્રત્યેક ભારતવાસીનું ધ્યેય બની રહેવું જોઈએ. "

શ્રી અરવિંદ ઘોષ

For Private And Personal Use Only